# સુરત મહાનગરપાલિકા

ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત

(વેબસાઈટ : https://www.suratmunicipal.gov.in)

## પરિપત્ર

પરિપત્ર ક્રમાંકઃ જીએડી/ઈએસટી/૫૬૪૧, તા.૨૨/૧૨/૨૦૨૩ થી સુરત મહાનગરપાલિકાની ત્રીજી શ્રેણી કલાર્કની ખાલી પડતી જગ્યા પૈકી ૧૦% જગ્યા પર પસંદગી યાદીમાં ક્રમાનુસાર આવતા કર્મચારીઓમાંથી નિમણુંક કરવા પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. સંબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા સુરત મહાનગરપાલિકામાં વર્ગ–૪ માં ફરજ બજાવતા કર્મચારીઓએ તા.૨૯/૧૨/૨૦૨૩ (સમય : સવારે ૧૧:૦૦ કલાક) થી તા.૧૫/૦૧/૨૦૨૪ (સમય : રાત્રીના ૧૧:૦૦ કલાક) દરમ્યાન https://www.suratmunicipal.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. કર્મચારીઓએ ઓનલાઈન અરજી કરતા પહેલા નીચે જણાવેલ ભરતીને લગતી માહિતી અને સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું રહેશે.

ત્રીજી શ્રેણી કલાર્ક કેડરની કુલ મંજુર ૧૬૫૯ જગ્યાઓ પૈકી ૧૦% જગ્યા ઉપર જણાવેલ લાયકાત મુજબનાં સુરત મહાનગરપાલિકાનાં વર્ગ–૪ માં ફરજ બજાવતાં કર્મચારીઓમાંથી ભરવા અંગેની કુલ–૧૪૬ ખાલી જગ્યાઓ માટેનાં રોસ્ટરની વિગત નીચે મુજબ છેઃ

| રોસ્ટરની વિગત | અ.જા. | અ.જ.જા. | સા.શૈ.પ.વ. | આ.ન.વ. | જનરલ |
|---|---|---|---|---|---|
| કુલ–૧૪૬ ખાલી જગ્યાઓની રોસ્ટરની વિગત | ૦૯ | ૨૩ | ૩૮ | ૦૩ | ૭૩ |
| ઉક્ત ૧૪૬ જગ્યાઓ પૈકી ૩૩% પ્રમાણે મહિલા અનામત | ૦૩ | ૦૭ | ૧૨ | ૦૧ | ૨૪ |

ઉક્ત ખાલી ૧૪૬ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યાઓ દિવ્યાંગજન ઉમેદવાર માટે અનામત રહેશે.

## –:: શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ પગારધોરણની વિગત ::–

| જગ્યાનું નામ | લાયકાત | વયમર્યાદા | પગારધોરણ |
|---|---|---|---|
| (૭૦૧) ત્રીજી શ્રેણી કલાર્ક | **લાયકાત :–**<br>(૧) કોઈ પણ વિધાશાખાના સ્નાતક.<br>(૨) ઉમેદવારને ગુજરાતી ભાષા બોલતા, લખતા અને વાંચતા આવડવુ જોઈએ. તેમજ કોમ્પ્યુટર ઉપર ગુજરાતીમાં ૩૦ શબ્દ ઝડપ પ્રતિ મીનીટથી ટાઈપ કરતાં આવડવું જોઈએ.<br>(૩) ઉમેદવારને અંગ્રેજી ભાષા બોલતા, લખતા અને વાંચતા આવડવું જોઈએ તેમજ કોમ્પ્યુટર ઉપર અંગ્રેજીમાં ૪૦ શબ્દ ઝડપ પ્રતિ મીનીટથી ટાઈપ કરતાં આવડવું જોઈએ.<br>(૪) વિન્ડોઝ ઓપરેટીંગ સીસ્ટમ અને કોઈપણ એક ઓફીસ ઓટોમેશન સ્પુટ (જેવાકે એમ.એસ.ઓફીસ, લોટસ સ્માર્ટ સ્યુઈટ, સ્ટાર ઓફીસ) વિગેરેનો ૦૧ વર્ષનો અનુભવ.<br>(૫) ઈન્ટરનેટ દ્વારા ઈમેલ, સર્ચ તેમજ બ્રાઉસીંગની જાણકારી તેમજ અનુભવીને અગ્રીમતા આપવામાં આવશે. | – | રૂા.૩૦૫૦–૪૫૯૦/–<br>પે બેન્ડ : ૫૨૦૦–૨૦૨૦૦/–<br>ગ્રેડ પે : ૧૯૦૦/–<br>પે મેટ્રીક્ષ : ૧૯૯૦૦–૬૩૨૦૦/– |

<u>નોંધ :–</u> સામાન્ય સભા ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ અંતર્ગત શરતો અને બોલીઓ ૧૯(એ) અન્વયે સુરત મહાનગરપાલિકાના રેગ્યુલર પગારધોરણમાં ફરજ બજાવતા કર્મચારીની અન્ય જગ્યાના તાલીમાર્થી તરીકે પસંદગી થઈ હશે તો તેઓએ ઉચ્ચક તાલીમાર્થી ભથ્થુ ન મેળવતા તેઓ પસંદગી પામ્યા પહેલા જે પગારધોરણમાં પગાર મેળવતા હતા તે જ પગાર મેળવશે., ત્રણ વર્ષના તાલીમના સમયગાળા દરમ્યાન જુની જગ્યાનું લાગુ પગારધોરણ વાર્ષિક ઈજાફા સાથે નિયમ અનુસાર મળવાપાત્ર રહેશે.

